નવરાત્રિ ગ્રુપ ઓફ ધ ડે

150 ખેલૈયાઓના 110 સ્ટેપના દોઢિયા જોઈ સૌ કોઈ અવાક

સુરતનું રવીશ ગોલ્ડન ગ્રુપ, 6થી લઈને 45 વર્ષની ઉંમર સુધીના ખેલૈયા,

સુરત | સુરત શહેરમાં અલગ અલગ પાર્ટી પ્લોટ અને મેદાનોમાં નવરાત્રિનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સુવર્ણ નવરાત્રિની અંદર જયસિંહ ગઢવીના સ્વરના તાલે ખેલૈયાઓ મોજ કરી રહ્યા છે. ખેલૈયામાં જબરજસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રવીશ ગોલ્ડન ગ્રુપ ખૂબ ખૂબ મોટું છે અને દર વર્ષે તેઓ નવરાત્રિમાં ભાગ લે છે. 700 ખેલૈયાનું આ ખૂબ મોટું ગ્રુપ છે. તમામ ખેલૈયાઓ એક સાથે એક જ જગ્યા પર રમવાનું પસંદ કરે છે. છેલ્લા દસ વર્ષથી આ ગ્રુપ નવરાત્રિ મહોત્સવમાં ભાગ લે છે. નવરાત્રિમાં 700માંથી 150 ખેલૈયાઓએ 110 સ્ટેપના દોઢિયા કર્યા હતા. જે જોઈને લોકો અવાક થઈ ગયા હતા.

રવીશ ગોલ્ડન ગ્રુપ જ્યારે એક સાથે એક જ ટ્રેડિશનલ કે સેમી ટ્રેડિશનલ ડ્રેસમાં રમઝટ બોલાવે છે ત્યારે લોકો જોતા રહી જાય છે. દર વર્ષે આ ગ્રુપ દ્વારા અલગ અલગ નવા સ્ટેપ્સ સાથે ગરબા રમવાની શરૂઆત કરવામાં આવે છે. આ વખતે 110 સ્ટેપના દોઢિયા કરવામાં આવ્યા છે. આ દોઢિયા સ્ટેપને જોઈને સૌ કોઈ અવાક થઈ જોતા રહી જાય છે. મોટું ગ્રુપ હોવાથી એક સર્કલમાં બધા ન આવતા હોવાથી અંદરો અંદર સર્કલ કરી ગરબા રમે છે.

રવીશ ગોલ્ડન ગ્રુપ દ્વારા છેલ્લા એક મહિનામાં દોઢિયાની પ્રેક્ટિસ કરવામાં આવે છે. 700 લોકોનું ગ્રુપ હોવાને કારણે નાનાથી લઈને મોટારાઓ સુધી આ ગ્રુપમાં છે. રમેશ ગોલ્ડન ગ્રુપની અંદર છ વર્ષથી લઈને 45 વર્ષ સુધીના ખેલૈયાઓ છે. નવરાત્રિના દિવસો જેમ જેમ પસાર થતા જાય છે તેમ તેમ આખે આખું ગ્રુપ મેદાનમાં થનગાટ કરતું જોવા મળે છે.ગ્રુપમાં 10 વર્ષથી કેટલાક ખેલૈયાઓ અવિરત પણે જોડાયેલા છે. નાનાથી લઈને મોટા સૌ કોઈ એકબીજાને ઉત્સાહિત કરતો દેખાય છે. ગરબાની શરૂઆતથી લઈને અંત સુધીમાં આ ગ્રુપ થાક્યા વગર ઢોલના તાલે મદમસ્ત થઈને રમતું નજરે પડે છે. એક જ સરખા ટ્રેડિશનલ અને સેમી ટ્રેડિશનલ ડ્રેસની અંદર રમતા આ ગ્રુપને જુઓ ખરેખર ગરબા પ્રેમીઓ માટે યાદગાર ક્ષણ બની રહે છે. ટ્રેડિશનલ ડ્રેસ અને પોતાનું અલગ નવા સ્ટેપ્સના દોઢિયાએ સૌ કોઈને પોતાની તરફ ધ્યાન ખેંચવામાં મદદરૂપ થાય છે. ગરબાના મેદાન ઉપર રમતા અલગ અલગ ગ્રુપની વચ્ચે રવીશ ગોલ્ડન ગ્રુપની ઓળખ અલગ જ ઊભી થાય છે.

ગ્રુપના સભ્ય શિવ વાઢવાનીએ જણાવ્યું કે રવીશ ગોલ્ડન નામથી અમે વર્ષોથી નવરાત્રિ પહેલા ગરબા ક્લાસીસ શરૂ કરી દેતા હોયએ છીએ. અત્યાર સુધીમાં અમારો 700 જેટલા ખેલૈયાઓનું ગ્રુપ તૈયાર થયું છે. આજે અમે એક સાથે 150 ખેલૈયા આવ્યા છે. બે વર્ષથી કોરોનાના કારણે રમી શક્યા ન હતા તેથી આ વખતે ઉત્સાહ ખૂબ વધારે જોવા મળી રહ્યો છે. એક સાથે કોસ્ચ્યુમ તૈયાર કરવા અમારા માટે ખૂબ જ મુશ્કેલ બની જતું હોય છે પરંતુ અમે છેલ્લા દિવસોમાં પણ દોડધામ કરીને તૈયારી પૂરી કરી દઈએ છીએ. મહિમા શાહે જણાવ્યું કે અમે આ ગ્રુપ સાથે છેલ્લા દસ વર્ષથી રમી રહ્યા છે. આ વખતનું આયોજન પણ ખૂબ સારું થયું છે કોરોના કારણે અમે બે વર્ષ સુધી રમી શક્યા ન હતા. પરંતુ આ વખતે ખૂબ જ સારી રીતે અમે લોકો રમી રહ્યા છે. આયોજન પણ ખૂબ સારી રીતે કરવામાં આવ્યું છે. ગરબા રમીને પછી આખું ગ્રુપ એક સાથે અમે ખાવા પણ જતા હોયએ છીએ. નવરાત્રિના નવી નવ દિવસમાં અમે એક સાથે ગ્રુપમાં જ રમીએ છીએ.

હૃદયના 40% દર્દીની ઉંમર 25થી 40 વર્ષ: હોસ્પિટલો

વર્લ્ડ હાર્ટ ડે : શહેરમાં 2 લાખ હાર્ટ પેશન્ટ પૈકી 40% યુવા, મહિલાઓ માત્ર 15%

સુરત

શહેરમાં લગભગ 2 લાખ હાર્ટના પેશન્ટો પૈકી 40 % યુવાવર્ગના લોકો છે. જ્યારે મહિલાઓની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી છે. માત્ર 15% મહિલાઓ જ હાર્ટ સંબંધિત રોગોથી પિડાતી હોવાની માહિતી મળી છે. દર વર્ષે 29 સપ્ટેમ્બરને વિશ્વ હાર્ટ દિવસ તરીકે દુનિયાભરમાં ઉજવવામાં આવે છે. જો કે, જાગૃતિના અભાવે શહેરમાં હૃદયરોગના દર્દીઓની સંખ્યા વધી રહી છે. શહેરની વિવિધ હોસ્પિટલમાંથી મળેલી માહિતી મુજબ હાલમાં શહેરમાં 2 લાખ જેટલા દર્દીઓ હૃદયરોગથી પિડાય રહ્યા છે, જેમાંથી 30થી 40 ટકા દર્દીઓની ઉમર 25થી 40 વર્ષની છે. શહેરના કેટલાક જાણીતા કાર્ડિયોલોજિસ્ટનું કહેવું છે કે, કોરોના પછી લોકો તેમની જીવનશૈલીમાં ફેરફારને કારણે આ રોગથી પીડાઈ રહ્યા છે. કોરોના પછી ઘણા લોકોએ તેમની જીવનશૈલીમાં સુધારો પણ કર્યો છે. જ્યારે મહિલાઓમાં હૃદય સંબંધિત બિમારીઓ પ્રમાણમાં ઓછી જોવા મળી છે. માત્ર 15% મહિલાઓ જ હૃદય સંબંધિત બીમારીઓથી પિડાય રહી છે. સુરતથી 41 હૃદય દાન કરાયાં ડોનેટ લાઈફ દ્વારા સુરત શહેર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અંગદાન ક્ષેત્રે મહત્વની ભૂમિકા ભજવી છે. સુરતમાંથી અત્યાર સુધીમાં 41 હૃદયનું દાન કરવામાં આવ્યું છે. અમદાવાદ, દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, ઈન્દોર જેવા શહેરોમાં દાન કરાયેલ હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. સાથે મુંબઈ-ચેન્નઈની હોસ્પિટલમાં વિદેશથી યુક્રેન, યુએઈ, રશિયાના નાગરિકોમાં પણ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

મીડિયેશન સેન્ટરમાં ફરિયાદી અને આરોપી પક્ષ વચ્ચે સમાધાન

કોલસા ખરીદી સહિત ચેક બાઉન્સના 13 વર્ષ જૂના 12 કેસનો નિકાલ કરાયો

સુરત | મીડિયેશન સેન્ટરમાં ચેક બાઉન્સ ને લગતા 12 કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો જેમાં કેટલાક કેસ તો 13 વર્ષ ઉપરાંત ના હતા. બંને પાર્ટીઓ વચ્ચે સમાધાન કરી વલણ અપનાવવામાં આવતા આ નિકાલ શક્ય બન્યું હતું. 2.5 લાખના ચેક રિટર્નના કેસમાં સામે પત્ર 1 લાખ ચૂકવવાની બાંહેધરી આપી હતી, ત્યારબાદ ફરિયાદ પક્ષે પોતાની ફરિયાદ પરત ખેંચી લેવાનું નક્કી કર્યું હતું. કેસની વિગત મુજબ મિલોમાં ઉપયોગમાં લેવાતા કોલસાના વેપારી અને સહારા દરવાજા પાસે આવેલી એક માઈવેટ લિમીટેડ કંપની પાસેથી સને 2011માં બગરવાડના મીલ ધારકે રૂ.2.85 લાખની કિંમતના વિસાની ખરીદી કરી હતી. જેની રકમ સાથે કુલ્લે 10 ચેકો લાવ્યા હતા. અને આ તમામ ચેક રિટર્ન થયા હતા. જે અંગે કંપનીએ વેપારીની સામે ચેક રિટર્નના કેસો કર્યા હતા. આ કેસમાં કોર્ટે

વધારી અને તેના ભાગીદારને 25 લાખની રકમ વ્યાજ સાથે ચુકવી આપવાનો આદેશ આપ્યો હતો. આ ક્રમની સાથે સેશન્સ કોર્ટમાં અપીલ કરાઈ હતી.સાથે 77.85 લાખ મેળવવા સિવિલ કોર્ટમાં સ્પેશ્યલ દાવો દાખલ કરાયો હતો. આ સહિતના તમામ કેસોને સુરતના મિડીએશન સેન્ટરમાં ટ્રાન્સફર કરાતા મીડિએટર નકુલભાઈએ બંને પક્ષોની સમજાવીને સમાધાન કરાવ્યું હતું. 1 વર્ષથી ચાલતા આ કેસોનું આખરે નિરાકરણ થયું હતું. જેમાં કોલસા ખરીદનાર અને તેના ભાગીદારોએ કોલસાનું વેચાણ કરનારને 5 લાખ ચૂકવવા નક્કી કરાયું હતું.

બોલો..! પરિણીત મહિલા કોર્પોરેટર ભાગી ગયાં, સલવામણી પોલીસની થઈ ગઈ, દારૂ પકડવા ગયેલા PSIને બૂટલેગરે માથામાં બોટલ મારી દીધી

અમદાવાદ | આ વિભાગમાં સમગ્ર રાજ્યના પોલીસબેડામાં જે ગપસપ ચાલી રહી છે એને રમૂજી શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવશે. ક્યારેક કોઈ પોલીસ સ્ટેશન તો ક્યારેક કોઈ અમલદારની ઓફિસમાં કોઈ કાનાફૂસી થઈ હશે એને હળવી શૈલીમાં પ્રસ્તુત કરવાનો આ એક પ્રયાસ છે. સુરતની એક મહિલા કોર્પોરેટરને કારણે એક નવા પોલીસ સ્ટેશનના જમાદારની ઊંઘ ઊડી ગઈ છે. બન્યું એવું કે આમ આદમી પાર્ટીના (AAP)ના એક મહિલા કોર્પોરેટરે જૂના પતિને છૂટાછેડા આપીને બીજા લગ્ન કરી લીધા. બીજો પતિ પાછો ભાજપનો કાર્યકર હતો. આ મહિલા કોર્પોરેટર પક્ષ પલટો કરીને AAPમાંથી ભાજપમાં જતા રહ્યા. હવે આ મહિલા કોર્પોરેટર ફરી છૂટાછેડા લેવાની તૈયારી કરી રહ્યા હતા તેવામાં પાછા ઘરેથી નાસી ગયાના પણ સમાચાર છે. એટલું જ નહીં, ભાગતી વેળાએ કિંમતી ચીજ વસ્તુઓની બેગ ભરીને જતા હોય તેવા CCTV ફૂટેજ પણ વાયરલ થયા છે.

આ બધાની વચ્ચે મહિલા કોર્પોરેટરનો પતિ પોતાની પત્ની નાસી ગયાની ફરિયાદ કરવા પાછા પોલીસ સ્ટેશને પણ ગયા. પરંતુ ત્યાં એવું સાંભળવા મળ્યું કે, મહિલા કોર્પોરેટરે અગાઉથી જ પતિ સાથે ફાવતું ન હોવાની પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. પતિ-પત્નીના ઝઘડા વચ્ચે રાજકીય દબાણ આવતા પોલીસ સ્ટેશનના જમાદારનો સૂડી વચ્ચે સોપારી જેવો ઘાટ થઈ ગયો છે.ઘણી વખત પોલીસ અધિકારી મોટી-મોટી વાતો કરીને ભરાઈ પડે છે. અમદાવાદ શહેરના એક PSI સાથે પણ આવું જ કંઈક થયું. એક DCPની સ્ક્વોડના PSI દારૂ માટે કુખ્યાત છે એરિયામાં રેડ કરવા ગયા હતા. આમ તો આ રેડમાં પણ 5-10 લિટર દેશી દારૂનો જ કેસ કરવાનો હતો. પરંતુ સાહેબને શું સૂઝ્યું તો બુટલેગરને મારવા લીધો. બુટલેગરે PSIને કહ્યું, સાહેબ... તમારે વધારે દારૂનો કેસ કરવો હોય તો કરો. પણ મને આમ મારો નહીં. તો એકદમ તોરમાં આવી ગયેલા PSIએ કહ્યું, હું તને મારીશ પણ ખરો અને કેસ પણ કરીશ. બુટલેગરને લાગ્યું કે હવે પોલીસ મારશે.. તો તેણે તુરંત સ્ફૂર્તિ દાખવી વાળ વગરના PSIના માથે દારૂની બોટલ જ મારી દીધી હતી. સાહેબના માથેથી તો દડ.. દડ લોહી વહેવા લાગ્યું. આ બધી વાત બહાર આવતા પોલીસે માત્ર ઝપાઝપી થઈ હોય તેવી વાતો કરીને હાલ આબરુ બચાવી લીધી છે. અમદાવાદ-પશ્ચિમના ક્રીમ ગણાતા છેવાડાના પોલીસ સ્ટેશનમાં વીતેલા સપ્તાહે એક વિચિત્ર ઘટના બની. ત્યાંના PIની બદલી થઈ અને તેમના સ્થાને નવા સાહેબ ચાર્જ લેવા બીજા PI ખુશી-ખુશી પહોંચી ગયા. પણ આ શું? નવા PI જેવા પોતાની ચેમ્બરમાં ગયા તો જૂના PI બેઠેલા જ હતા. નવા સાહેબે ચાર્જ આપવાની વાત કરી તો જૂના PIએ કહ્યું, ચલ.. ભાગ અહીંયાથી. હવે ફરી અહીં આવશો તો સારું નહીં થાય. બીજા દિવસે ફરી નવા PI ચાર્જ લેવા ગયા તો જૂના PIએ રીતસર ગાળો દીધી. નવા PI ડાયરીમાં એન્ટ્રી પાડવા ગયા તો જૂના PIએ ડાયરી પણ સંતાડી દીધી. નાછૂટકે હતાશ થયેલા નવા PI ઉપરી પાસે ગયા. આ મામલે પોલીસમાંથી કંટ્રોલ મેસેજ છૂટ્યો છતાં જૂના PIએ જગ્યા છોડી નહીં. આ સમગ્ર મામલો હાલ અમદાવાદ શહેરમાં ટોક ઓફ ટાઉન બન્યો છે.

અમદાવાદ શહેરના પોલીસ બેડામાં આમેય વહીવટદારો જ પોસ્ટિંગનો ખેલ પાડે છે. તેમાં પણ ખાસ કરીને શહેરના કોટ વિસ્તારમાં એક PI પોતાના કર્મચારીથી ખૂબ પ્રભાવિત છે. આ કારણથી જ પોતાના વિસ્તારમાં ખાલી થયેલી ક્રીમ પોસ્ટિંગ તેમણે વહીવટદારના ઈશારે તેના સમાજની PSIને આપી દીધું છે.

સાયણમાં રેલવેના સ્ટેશન માસ્ટરના બંધ ફ્લેટમાંથી 3.55 લાખની ચોરી

ઓલપાડ | સાયણમાં રહેતા ગોથાણ રેલવે સ્ટેશન માસ્ટરના બંધ ફ્લેટમાંથી તસ્કરો રૂ.3,55,425 મતા ચોરી ગયા હતા. ઓલપાડ તાલુકાના સાયણમાં આવેલી ઓમ નગર સોસાયટીના વિભુ વિલા એપાર્ટમેન્ટમાં રહેતા અભિષેક મહેતા હાલ ગોથાણ રેલવે સ્ટેશન માસ્તર તરીકે નોકરી કરે છે.જયારે છેલ્લા બે માસથી તેની પત્ની પિયર ગયેલ હોવાથી સ્ટેશન માસ્તર જયારે નોકરીના ફરજ ઉપર હોય ત્યારે ફ્લેટ બંધ રહેતો હતો જેનો લાભ લઈ અજાણ્યા ત્રણ તસ્કરોએ તેમના ફ્લેટને નિશાન બનાવ્યો હતો. આ તસ્કરોએ ફ્લેટના રૂમના દરવાજાને મારેલ તાળુ તોડી,રૂમમાં પ્રવેશ કરી બેડ રૂમમાં મુકેલ કબાટ તોડી લાલ રંગની થેલીમાં મુકેલ 75.47 ગ્રામ વજનના સોનાના જુદા-જુદા ઘરેણાં,જેની કિં. રૂ.3,21,651 તથા 194.67 ચાંદીના દાગીના, જેની કિં.રૂ.11,388 તથા

એક હિરાની વીંટી, જેની કિં.રૂ. 22,386 મળી કુલ રૂપિયા 3,55,425 મત્તા સહિત જરૂરી દસ્તાવેજી પુરાવાઓની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.આ બાબતે અભિષેક મેહતાને રૂમના માલિકે જાણ કરી હતી.જેથી તપાસ કરતા ચોરી થયાનું જણાતા તેમણે તેની પત્ની પાસેથી દાગીનાના બીલો મેળવી ચોરી ઘટનાના CCTV કેમેરાની ફૂટેજ સાથે ઓલપાડ પોલીસ મથકમાં બુધવાર,તા.28 ના રોજ ફરિયાદ આપી હતી.જેના પગલે પોલીસે ત્રણ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ રૂપિયા 3,55,425 મત્તાની ચોરીનો ગુનો નોંધ્યો છે.

પિકનિક સ્પોટને ટક્કર મારે એવું ગુજરાતનું સૌથી મોટું મુક્તિધામ

33 હજાર ચો.મી.માં ફેલાયેલી સોલર ઊર્જાથી સંચાલિત રાજ્યની પ્રથમ સ્મશાનભૂમિ, જીવનથી મૃત્યુ સુધીના સ્કલ્પચર



સુરત | વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે(29 સપ્ટેમ્બર) સુરત આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન નરેન્દ્ર મોદી અંદાજે 19.17 કરોડના ખર્ચે 33 હજાર ચોરસ મીટરમાં સોલર ઉર્જાથી સંચાલિત સ્મશાન ભૂમિનું લોકાર્પણ કરશે. આ ગુજરાતનું સૌથી મોટું મુક્તિધામ છે. પિકનિક સ્પોટને પણ ટક્કર મારે એવા આ મુક્તિધામમાં જીવનથી મૃત્યુ સુધીના સ્કલ્પચર પણ મૂકવામાં આવ્યા છે. ચારથી પાંચ વર્ષ બાદ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત આવી રહ્યા છે ત્યારે 3000થી વધુ કરોડના પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવનાર છે. જેને લઈને સુરત મહાનગર પાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર કામે લાગી ગયું છે. નરેન્દ્ર મોદી દ્વારા ખોજ મ્યુઝિયમ, સિવિલ હોસ્પિટલમાં ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલ, ડ્રીમ સીટી પ્રોજેક્ટ, પાણી પુરવઠા યોજનાનું અપગ્રેડેશન વગેરે અનેક પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ થવા જઈ રહ્યા છે.

લિંબાયત વિસ્તારમાં રાજ્યની સૌથી મોટી સ્મશાન ભૂમિ તૈયાર કરવામાં આવી છે. અંદાજે 33 હજાર ચોરસ મીટર વિસ્તારમાં આ સ્મશાન ભૂમિનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્મશાન ભૂમિની જમીન સમતોલ કરવા માટે 5000 જેટલી ગાડી માટી નાંખીને પુરાણ કરવામાં આવ્યું હતું. લિંબાયત વિસ્તારમાં સ્મશાન ભૂમિની જગ્યા પર અસામાજિક તત્વો દ્વારા દબાણ કરવામાં આવ્યું હતું અને ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ પણ ધમધમતી હતી. જે જગ્યાને સ્મશાન ભૂમિના નામે વિકસિત કરવામાં આવી છે. સ્મશાન ભૂમિમાં મૃતદેહોની અંતિમ ક્રિયા માટે 4 ગેસ સગડી અને 3 લાકડાની ચીમનીની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્મશાન ભૂમિના પટાંગણમાં જ દશમા અને બારમાની વિધિ પણ પૂર્ણ થાય તેના માટેની અલાયદી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

સ્મશાન ભૂમિની અંદર સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર એવું તળાવ પણ બનાવવામાં આવ્યું છે. 20,000 ચોરસફૂટ વિસ્તારમાં તળાવનું નિર્માણ કરવામાં આવ્યું છે. તળાવની વિશેષતા એ છે કે દેશભરમાંથી પવિત્ર નદીઓનું જળ અહીં એકત્રિત કરીને નાખવામાં આવ્યું છે. તળાવનું પાણી સતત રિસાયકલિંગ થયા કરે તેના માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તળાવમાં ભગવાન મહાદેવની વિશાળ પ્રતિમા મૂકવામાં આવી છે. મુક્તિધામની શરૂઆતમાં જ ત્રણ મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ઈટાલિયન માર્બલથી આખું મંદિર બનાવવામાં આવ્યું છે. ભગવાન ગણેશ અને મહાદેવ સહિતના મંદિરોનું નિર્માણ સ્મશાન ભૂમિની અંદર જ કરવામાં આવ્યું છે. મંદિરોમાં વિધિવત રીતે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કર્યા બાદ સ્થાપના કરવામાં આવી છે.

મુક્તિધામમાં ગરુડના સ્ટેચ્યૂ તેમજ વ્યક્તિના જીવનથી મૃત્યુ સુધીના સ્કલ્પચર લગાડવામાં આવ્યા છે. તેની સાથો સાથ ગૌ માતાની પ્રતિમા પણ મૂકવામાં આવી છે. સ્મશાન ભૂમિમાં મુકેલા સ્કલ્પચર જોવાલાયક કલાત્મક રીતે તૈયાર કરવામાં આવ્યા છે. ગુજરાતની આ પ્રથમ સ્મશાન ભૂમિ હશે જે સંપૂર્ણપણે સોલાર આધારિત હશે. મુક્તિધામમાં 100 KWની સોલાર પેનલ લગાડવામાં આવી છે. જેના થકી સ્મશાન ભૂમિમાં જરૂરિયાત જેટલી વીજળી તો ઉત્પન્ન થશે પરંતુ તેના કરતાં વધુ ઉત્પન્ન થયેલી વીજળીથી આવક પણ ઊભી કરવામાં આવશે. લિંબાયતના ધારાસભ્ય સંગીતા પાટીલે જણાવ્યું કે ગુજરાતની આ પહેલી એવી સ્મશાન ભૂમિ હશે કે જે જીવનના અંતિમ સમયે અંતિમક્રિયા કરવા માટેનું સૌથી રમણીય સ્થાન હશે. આ મુક્તિધામમાં મંદિર બનાવવામાં આવ્યા છે. અંતિમક્રિયાની સાથે દસમા અને બારમા માટેની કર્મકાંડની જે વિધિ હોય છે તે પણ પૂર્ણ કરવા માટેની વ્યવસ્થા ઉભી કરી દેવામાં આવી છે. રાજ્યની આ સૌથી મોટા ક્ષેત્રફળમાં તૈયાર થયેલી એકમાત્ર સ્મશાન ભૂમિ છે. સ્મશાન ભૂમિને પર્યટન સ્થળમાં બદલી નાખવાની નેમ સાથેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

કોંગ્રેસનો આક્ષેપ

કોર્પોરેશનની તિજોરી તળિયા ઝાટક ને બીજી તરફ PM મોદીના આગમનમાં રૂ.12 કરોડનો ખર્ચ

સુરત | સુરતમાં આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નીલગીરી ગ્રાઉન્ડ ખાતે આવી રહ્યા છે ત્યારે વિશાળ ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાનના આગમનને લઈને વહીવટી તંત્ર દ્વારા અંદાજે 12 કરોડ રૂપિયા જેટલો ખર્ચ કરવામાં આવી રહ્યો હોવાની વાત બહાર આવતાની સાથે જ કોંગ્રેસે PMના આગમન માટેની તૈયારીઓને આડે હાથે લીધી હતી. એક તરફ સુરત મહાનગરપાલિકા સતત પોતાની આવક કેવી રીતે ઊભી કરવી તેના માટેનું મનોમંથન કરે છે. કોઈક જગ્યાએથી કોર્પોરેશનને એક બે કરોડની આવક પણ ઊભી થઈ જાય તો સામાન્ય સભામાં વાજતે ગાજતે તેની વાત કરવામાં આવે છે. પરંતુ માત્ર PM આવીને ખાતમુર્હત અને ઉદ્ઘાટન કરીને રવાના થઈ જશે. તેને માટે 12 કરોડ જેટલી જંગી રકમનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે.સુરત કોંગ્રેસ શહેર પ્રમુખ હસમુખ દેસાઈએ જણાવ્યું કે,

કોર્પોરેશનની શાળાઓની સ્થિતિ એટલી ખરાબ છે કે બાળકોને પીવા માટેનું યોગ્ય પાણી પણ મળતું નથી. ઘણા એવા પ્રકલ્પો છે કે જે પાલિકા પાસે તિજોરીમાં રૂપિયા ન હોવાને કારણે ખોરંભે પડ્યા છે. આવી સ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત ખાતે આવશે ત્યારે 12 કરોડ રૂપિયાનો ખર્ચ કોર્પોરેશન ઉપર બોજ સમાન છે. રાજકીય પાર્ટીનો પ્રચાર-પ્રસાર કરવાના બહાના હેઠળ સરકારી રૂપિયાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.

PM મોદીની સુરક્ષા

પ્રધાનમંત્રીના આગમનને લઈ ચાંપતો પોલીસ બંદોબસ્ત, 3000થી વધુ પોલીસ અધિકારી ઓન સ્ટેન્ડ

સુરત | દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જુદા જુદા વિકાસ કાર્યો અને ખાતમુહૂર્ત અને લોકાર્પણને લઈ સુરતની મુલાકાતે છે. ત્યારે પ્રધાનમંત્રીની સુરતની મુલાકાતને લઈ સવારથી પોલીસનો ચાપતો બંદોબસ્ત કરી દેવામાં આવ્યો છે. વડાપ્રધાનનો ગોડાદરા મહારાણા પ્રતાપ સર્કલથી લિંબાયત નીલગીરી મેદાન સુધી રોડ શો બાદ જાહેર સભા યોજવાની છે. ત્યારે વડાપ્રધાનના કાર્યક્રમને લઈ સુરતમાં ડીઆઈજી, ડીસીપી એસીપી, એસઆરપીની ટીમ સહિતના 3,000થી વધુ પોલીસ કર્મીઓ સુરક્ષા અને વ્યવસ્થામાં જોડાયા છે.

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુરતની મુલાકાતે છે.સુરત શહેર અને જિલ્લાના વિવિધ વિકાસલક્ષી કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે સુરતના મુલાકાતે છે. સુરતના લિંબાયતમાં આવેલ નિલગીરી મેદાન ખાતે જાહેર સભા સંબોધવાનું આયોજન કરાયું છે તે પહેલા ગોડાદરા મહારાણા પ્રતાપથી લિંબાયત નીલગીરી મેદાન સુધી પ્રધાનમંત્રીનો રોડ શો પણ થવાનો છે. ત્યારે વડાપ્રધાનના કાર્યક્રમને લઈ ચાંપતો પોલીસ બંદોબસ્ત જોવા મળી રહ્યો છે. હેલીપેડથી લઈ મહારાણા પ્રતાપ સર્કલથી નીલગીરી સભાસ્થળ સુધીના રોડ પર નાના પોલીસ કર્મચારીઓથી લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્ટેન્ડ ટૂ પર છે. અઢી કિલોમીટર જેટલા રોડ શોમાં પ્રધાનમંત્રીની સુરક્ષા અને સુચારુ વ્યવસ્થામાં પોલીસ કર્મીઓનો મોટો કાફલો ખડકી દેવામાં આવ્યો છ.ઠેર ઠેર પોલીસ અધિકારીઓની ટીમ સુરક્ષાની કામગીરીમાં લગાવી દેવામાં આવી છે.ના માત્ર લિંબાયત કે ગોડાદરા વિસ્તારમાં જ પરંતુ પ્રધાનમંત્રીના સુરતમાં આગમનને લઈ સમગ્ર શહેરમાં પોલીસ બંદોબસ્ત અને સુચારુ વ્યવસ્થાની કામગીરી જોવા મળી રહી છે.

મોદીનો રોડ શો-સભા:મોદી સુરતીઓનો મિજાજ અને વિકાસના સહયોગને બિરદાવશે, તિરંગા માટે શાબાશી આપશે

સુરત | વડાપ્રધાન મોદી કાલે શહેરમાં 3472.54 કરોડના 59 વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે. વડાપ્રધાન સુરતીઓનો મિજાજ અને વિકાસના સહયોગને બિરદાવશે, તિરંગા માટે શાબાશી આપશે. ગોડાદરા મહર્ષિ આસ્તિક વિદ્યાલયના મેદાનના હેલિપેડથી લિંબાયત નિલગીરી ગ્રાઉન્ડ સભાસ્થળ સુધીના 2.70 કિમીના રૂટ પર મેગા રોડ શો યોજાશે. સુરતમાં વસતા વિવિધ સમાજના અગ્રણીઓ અને નાગરિકો પુષ્પવર્ષાથી વધાવશે. રોડ શોમાં 50 હજાર લોકો જોડાશે. વડાપ્રધાન હેલીપેડ પર સવારે 10.45 વાગ્યે પહોંચશે ત્યાંથી જાહેરસભા સ્થળે જશે. જેથી અંદાજે 20 મિનિટનો રોડ શો રહેશે ત્યારબાદ 1 કલાક જાહેરસભામાં ઉપસ્થિત રહેશે ત્યાંથી એરપોર્ટ થઇ ભાવનગર જવા રવાના

થશે. ડ્રીમ સિટી પ્રોજેક્ટના રૂા.૩૭૦ કરોડના કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત રૂા.139 કરોડના ખર્ચે સુરતમાં બનશે નવો બાયોડાયવર્સિટી પાર્ક રૂા.324.66 કરોડના ખર્ચની ચાર જેટલી પાણી પુરવઠા યોજનાઓના અપગ્રેડેશનના કાર્યનું ખાતમુહુર્ત સિવિલ હોસ્પિટલમાં123.47 કરોડના ખર્ચે બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ બનશે

રૂા.108 કરોડના ખર્ચે સુરત અર્બન ઓબ્ઝર્વેટરી એન્ડ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરનું લોકાર્પણ રૂા.52 લાખના ખર્ચે 'ખોજ-વિજ્ઞાન+કળા+નવીનીકરણ મ્યુઝિયમ'નું લોકાર્પણ થશે. રૂા.108 કરોડના ખર્ચે સુરત અર્બન ઓબ્ઝર્વેટરી એન્ડ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરનું લોકાર્પણ કરાશે સ્મીમેરના G-H બ્લોક, મેડિકલ કોલેજના A-B બ્લોક મોટા કરાશે. સ્મીમેરમાં રોજ 3500 દર્દી આવે છે, વર્ષે 200 અન્ડર ગ્રેજ્યુએટ અને 123 પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ હોય છે. જેથી પાલિકાએ 13.47 કરોડના ખર્ચે G-H બ્લોક અને કોલેજના A-B બ્લોકના વિસ્તૃતિકરણનું ખાતમુહૂર્ત કરાશે.

70 કરોડના ખર્ચે હજીરાથી ઘોઘા રોપેક્સ ફેરી ટર્મિનલનું લોકાર્પણ સુરત-સૌરાષ્ટ્ર વચ્ચે વ્યવસાયિક આદાનપ્રદાન તેમજ મુસાફરોની હેરફેર માટે 70 કરોડના ખર્ચે હજીરા ખાતે હજીરાથી ઘોઘા રોપેક્ષ ફેરીના ટર્મિનલનું લોકાર્પણ કરાશે.

શિક્ષણ સમિતિએ મોટર-પંપ માટે 1.70 લાખ વધુ ચૂકવ્યા

સુરત | પાલિકાની શિક્ષણ સમિતિની શાળાઓમાં 17 મોટર-પંપની ખરીદીમાં વિવાદ ઉભો થયો છે. જે એજન્સીને કામ સોંપાયું તેણે બિલમાં જે કંપનીના મોટર-પંપનો ઉલ્લે